અપીલ અરજી નં.૮૫ તા.૧૩–૫ –૧૧/૧–૬–૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિયુષભાઈ ભનુભાઈ જીયાણી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બ્રીજ સેલ)
ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિયુષભાઈ ભનુભાઈ જીયાણીની તા.૧૮–૪–૧૧ ની અરજીથી (૧) સુરત મહાનગપાલિકા એ કયારે અને કેવી રીતે વોટર મીટરનો નિયમ બનાવેલ છે અને તેનો અમલ કેવી રીતે કરવાનો નકકી કરેલ છે તે વિસ્તાર પૂર્વક જાણવા બાબ ગુજરાત સરકારના કયા નિયમ મુજબ બનાવેલ તે જણાવવા વિ. મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૫–૧૧ તથા તા.૧–૬–૧૧ ની SMC/FAP/ નં.૮૫/ ૨૦૧૧–૧૨

શ્રી પિયુષભાઈ ભનુભાઈ જીયાણીની તા.૧૮–૪–૧૧ ની અરજીથી (૧) સુરત મહાનગપાલિકા એ કયારે અને કેવી રીતે વોટર મીટરનો નિયમ બનાવેલ છે અને તેનો અમલ કેવી રીતે કરવાનો નકકી કરેલ છે તે વિસ્તાર પૂર્વક જાણવા બાબ ગુજરાત સરકારના કયા નિયમ મુજબ બનાવેલ તે જણાવવા વિ. મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૫ તા.૧૫–૬–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બ્રીજ સેલ), ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં.૮ અને ૯ ની જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની નકલ રજૂ કરેલ ન હોઈ તથા તબદીલી તેમની જાણ હેઠળ હોય તો વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી બ્રીજ સેલ તરફથી પત્ર નં. બ્રીજ સેલ/આરટીઆઈ/આ.નં.૨ તા.૧૮–૬–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, વરાછાઝોન તરફથી પત્ર નં.આરટીઆઈસેલ/આ.નં.૪૩ તા.૧૯–૪–૧૧ થી જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક ઈજનેર અને બ્રીજસેલ તથા આરોગ્ય અધિકારીને અરજી તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. બ્રીજસેલ/ આ.નં.૨ તા.૨૯–૪–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/આ.અ./પીઆઈ/૯૮ તા.૨૩–૬–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારનો તા.૧૩–૫–૧૧ નો પત્ર અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.પીએચડી/આ.અ/પીઆઈ/૩૬ તા.૩–૫–૧૧ ના પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી પત્ર નં.એચઈડી/૯૯૯ તા. ૩૦–૬–૧૧ થી આવેલ પૂરક વિગતોમાં તેમનો નોંધ વિભાગ, તથા અરજદારને પાઠવેલ માહિતી પત્ર નં.એચઈડી/૧૪૦ તા.૧–૬–૧૧ ના પત્રની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૮–૪–૧૧ ની અરજીથી સુરત મહાનગપાલીકાના વોટર મીટર બાબતે તેમજ વરાછના રેલ્વે ગરનાળા તેમજ શાળા વિસ્તારોની આુ બાજુ તમાકુની વસ્તુના પ્રતિબંધ બાબતેની મુદ્દા નં.૧ થી ૯ થી માહિતી માંગતી અરજી મહાનગપાલિકાને સંબોધતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/ ૪૩ તા.૧૯–૪–૧૧ થી જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક વિભાગ, બ્રીજસેલ તથા આરોગ્ય વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને મુદ્દા નં.૮ અંગે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી પત્ર નં.બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૨ તા.૨૯–૪–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/આઅ/પીઆઈ/ ૩૬ તા.૩–૫–૧૧ થી મુદ્દા નં.૯ અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૩–૫–૦૯ ની અરજીથી મુદ્દા નં.૮ અને ૯ બાબતે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરતો પત્ર તા.૧૩–૫–૧૧ ના રોજ મધ્યસ્થ કચેરી સુરત મહાનગરપાલિકા ખાતે આપવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૯ તા.૨૪–૫–૧૧ થી અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત અને પક્ષકાર જાહેર માહિતી અધિકારી વિગેરે વિગતો પૂરી પાડવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧–૬–૧૧ ના રોજ મુદ્દા નં.૮ અને ૯ ની માહિતી આપવામાં આવેલ છે જયારે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી ૩૦ દિવસમાં મળેલ ન હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. તેવું જણાવેલ. અરજદારની મુળ અરજીના મુદ્દા નં. (૧) સુરત મહાનગપાલિકા એ કયારે અને કેવી

રીતે વોટર મીટરનો નિયમ બનાવેલ છે અને તેનો અમલ કેવી રીતે કરવાનો નકકી કરેલ છે તે વિસ્તાર પૂર્વક જાણવા બાબતે ગુજરાત સરકારના કયા નિયમ મુજબ બનાવેલ તે જણાવવા. મુદ્દા નં.(૨) સુરત મહાનગરપાલિકાએ વોટર મીટરનો કોન્ટ્રાકટ કઈ કઈ કંપનીને અને કેટલા વર્ષ અને કયા નિયમ મુજબ કોન્ટ્રાકટની વિગત વિસ્તાર પૂર્વક આપવા બાબત. મુદ્દા ન.(૩) સુરત મહાનગપાલિકા જે વોટર મીટરનો ચાર્જ લે છે તે અલગ અલગ મીટરનો માસિક ચાર્જ કેટલો છે અને કેટલા સમય લેવા માંગે છે ઉપરાંત અલગ અલગ મીટર ની કુલ રકમ (નેટ કિંમત) કેટલી છે તે જાણવા બાબત. મુદ્દા નં.(૪) હું જાણવા માંગુ છું કે સુરત મહાનગપાલિકા નિયમ મુજબનું એપાર્ટમેન્ટ (પબ્લીક) પોતાનું વોટર મીટર લગાવી શકે છે? જો હા હોય તો વોટર બીલમાં વોટર મીટર ચાર્જ બંધ થઈ શકશે કે નહીં? જો ના હોય તો કેમ નહીં તે વિસ્તાર પૂર્વક જાણવા બાબત. મુદ્દા નં.૫ સુરત મહાનગરપાલિકા તરફથી જે વોટર મીટર મુકવામાં આવેલ તે ટ્રાયલ બેજ પર કહેવામાં આવેલ ઉપરાંત સુરત શહેરમાં એક સાથે ચાલુ કરવામાં આવશે એવું અમને જણાવેલ તો હું જાણવા માગું છું કે ઉપરોકત સરનામાં વર્ષ પુરું થયા પછી વોટર બીલ આપવામાં આવેલ તો શા માટે મહીને વોટર બીલ આપવામાં આવતું નથી. મુદ્દા નં.૬ હું જાણવા માગું છું કે સુરત મહાનગપાલિકા ૩૧–૩–૧૧ સુધીમાં ઝોન વિસ્તાર પ્રમાણે મુકવામાં આવેલ તેમજ બાકી રહેલ વોટર મીટર ની સ્થિતિ જાણવા બાબત. (વોર્ડ પ્રમાણે) મુદ્દા નં.૭ જો એપાર્ટમેન્ટ વોટર મીટર વગર કનેકશન જોઈતું હોય તો મળી શકે કે નહીં જો હા તો કેવી રીતે અને ના તો શા માટે નહીં વિસ્તારપૂર્વક માહિતી આપવા બાબત. મુદ્દા નં.૮ વરાછા ગરનાળામાં જે ગંદુ પાણી ટપકે છે (પડે) છે માટેની રકમ સુરત મહાનગપાલિકાએ જાહેર જનતાના નાણામાંથી આપેલ પરંતુ આજ તારીખ સુધી વરાછા ગરનાળામાંથી ગંદુ પાણી પડવાનું બંધ થતું નથી જો પબ્લિક ગંદકી કરે તો સુરત મહાનગપાલિકા દંડ કરીને કડક કાર્યવાહી કરે છે પરંતુ છેલ્લા કેટલા વર્ષોથી ગરનાળામાં ગંદુ પાણી પડે છે પરંતુ રેલ્વે વિભાગ સામે કોઈ કડક કાર્યવાહી કરી છે કે કેમ ઉપરાંત જો કડક કાર્યવાહી (ગંદકી બાબતે) કરવા માંગે છે કે નહી? જો હા હોય તો કેટલા સમયમાં સુરત મહાનગપાલિકા રેલ્વે વિભાગ સામે કડક કાર્યવાહી કરવા માંગે છે તે વિગત જાણવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી " વરાછા ગરનાળામાંથી જે ગંદુ પાણી ટપકે છે /પડે છે તેના લાંબાગાળાના ઉકેલ માટે રેલ્વે ધ્વારા સુચવ્યા મુજબ સ્લેબ ગર્ડરના સ્થાને પી.એસ.સી. ગર્ડરની કામગીરી કરવી પડે તેમ હોય તો તે તથા અન્ય સહારા દરવાજા અને લંબે હનુમાન ગરનાળા પર આવા સરખા પ્રકારની કામગીરી માટે સુરત મહાનગપાલિકા ધ્વારા રેલ્વેમાં રૂા.૮૫૪૮૮૦૦૦/– ડીપોઝીટ તરીકે જમા કરાવેલ છે અને આ કામગીરી રેલ્વે ધ્વારા કરવાની હોય ડીપોઝીટ વર્ક તરીકે ઉકત રકમ જમા કરાવવામાં આવેલ અને અને તે પૈકી વરાછા ગરનાળામાં પી.એસ.સી. ગર્ડર નાંખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેના કારણે ઉપરથી ધન કચરો વિગેરે પડવાની સમસ્યાનો મહદ અંશે નિકાલ થયેલ છે પરંતુ ટોપ તેમજ સાઈડ વોલમાંથી પાણીના લીકેજ અટકાવવા માટે રેલ્વે સાથે અવારનવાર રજૂઆત કરવામાં આવેલ છે. તેના અનુસંધાને રેલ્વે ધ્યારા સૂર્યપુર ગરનાળામાં પી.એસ.સી. સ્લેબ જોઈન્ટને સીલીંગ કરવાની કામગીરી , પ્લેટફોર્મ પર ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી તેમજ પ્લેટ ફોર્મ નં.૧ અને ૨ ઉપર કોન્ક્રીટ એપ્રોન બનાવવાની કામગીરી કરવામાં આવેલ હતી તેમ છતાં ગંદા પાણી પડવાના પ્રશ્નનો ઉકેલ ન આવતાં હાલમાં સુરત મહાનગપાલિકા ધ્વારા રેલ્વેને પ્લેટફોર્મ નં.૧ અને ૨ ઉપર કોન્ક્રીટ એપ્રોન બનાવવામાં આવેલ છે તેવો જ કોન્ક્રીટ એપ્રોન સુરત મહાનગપાલિકાના ખર્ચે પ્લેટફોર્મ નં.૩,૪,૫ અને ૬ ના ટ્રેક લેવલે સુર્યપુર ગેટ ગરનાળા અને લંબે હનુમાન ગેટ ગરનાળા પર બનાવવાનું જણાવવામાં આવેલ છે. જેના કારણે ઉકત રેલ્વે ગરનાળાઓમાંથી પડતા ગંદા પાણીનો રેલ્વે સત્તાઓ ધ્વારા જણાવ્યા મુજબ કાયમી નિકાલ આવી શકે તેમ છે." તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તેમના તા.૧૩–૫–૧૧ ના પત્રથી જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાંથી પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં./૨ તા.૧૮–૬–૧૧ થી પૂર્તતા કરવામાં આવેલ છે. (૧) સુરત મહાનગપાલિકા રેલ્વેમાં રૂા.૮૫૪૮૮૦૦૦/– સુરત મહાનગપાલિકાના પબ્લીક વેરાની ડીપોઝીટ જમા કરાવેલ છે તેથી હું જાણવા માગું છું કે રેલ્વેમાં શા માટે (કયા નિયમ મુજબ) સુરત મહાનગપાલિકા પબ્લીક વેરાના રૂપિયાથી કામ કરાવવા માંગે છે. તેવા પૂરક પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર કામગીરી ગંદા પાણીના નિવારણ અર્થે રેલ્વેની હદમાં રેલ્વે ધ્વારા કરવાની હોય, રેલ્વેના નિતી નિયમો મુજબ ડીપોઝીટ વર્ક તરીકે કામગીરી કરાવવા માટે મહાનગપાલિકાની સાધારણ સભાના ઠરાવ નં.૮૭/૨૦૦૬ તા.૨૮/૨૦૦૬ થી નકકી થયા મુજબ કામ કરાવવામાં આવેલ. તેવું જણાવેલ છે. (૨) મેં માહિતી અધિકારના નિયમ મુજબ આપશ્રી પાસે માહિતી માંગેલ હતી કે ગંદકી કરવા બાબતે સુરત મહાનગપાલિકાએ રેલ્વે વિભાગ સામે કોઈ કડક કાર્યવાહી (ગંદકી બાબતે) કરી છે કે નહીં અને જો કાર્યવાહી કરવા માંગતા હોય તો કેટલા સમયમાં રેલ્વે વિભાગ સામે ગંદકી કરવા બાબતે કાર્યવાહી કરવા માંગે છે. તેવા પૂરક પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બ્રીજ સેલ ખાતાને લાગુ પડતું નથી. તેવું જણાવેલ છે. (૩) પબ્લીક ગંદકી કરતાં પકડાય તો શું સુરત મહાનગપાલિકા પોતાના ખર્ચે તે ગંદકી સાફ કરાવશે તે પણ દંડ લીધા સિવાય. તેવા પૂરક પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બ્રીજસેલ ખાતાને લાગુ પડતું નથી. તેવું જણાવેલ છે. (૪) ગંદા પાણી પડવાનો પ્રશ્નનો ઉકેલ રેલ્વે વિભાગે પોતાના ખર્ચે કરવાનો હોય છે કે નહીં કે સુરત મહાનગપાલિકા પબ્લીક વેરાના રૂપિયાથી પ્લેટફોર્મ (રેલ્વેના) કોન્ક્રીટ એપ્રોન બનાવવા હોય તે જાણવા બાબત. તેવા પૂરક પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુર્યપુર ગરનાળા (વરાછા) તેમજ લંબે હનુમાન ગરનાળામાં પડતાં ગંદા પાણીના ઉકેલ માટે આ અંડર પાસોની ઉપરના ભાગે આવેલ રેલ્વે ટ્રેક લેવલ પૂરતી ક્રોન્કીટ એપ્રોનની કામગીરીના નાણાં મહાનગપાલિકા ધ્વારા ચૂકવવાના થાય છે. તેવું જણાવેલ છે. (૫) સુરત મહાનગપાલિકા પાસે ફંડ (રૂપિયા) વધી ગયેલ છે કે પબ્લીક વેરાના રૂપિયા રેલ્વેમાં વાપરવા માંગે છે જો રૂપિયા (ફંડ) વધી ગયેલ હોય તો સુરત મહાનગપાલિકા પબ્લીકના વેરાબીલમાં રાહત આપે નહીં કે રેલ્વે વિભાગમાં રાહત આપવા જાય. તેવા પૂરક પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બ્રીજસેલ

ખાતાને લાગુ પડતું નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને સદર મુદ્દાના મુળ અરજીમાં માંગેલ માહિતી અરજદારને પૂરી પાડેલ. જયારે અપીલ તબકકે રજૂ કરેલ પૂરક પ્રશ્ન અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે મોકલેલ છે. અરજદારે રજૂ કરેલ પૂરક વિગતો મુળ અરજીમાં સમાવિષ્ટ ન હોઈ તે માટે અપીલનું કારણ બને નહીં છતાં જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ વિગતોનુસાર અરજદારને જાણકારી મળી જાય છે. અરજદારે પણ તેમની તા.૧–૬–૧૧ ની અપીલમાં મુદ્દા નં.૮ ની માહિતી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે તેથી તે બાબતે કોઈ તકરાર નથી. મુદ્દા નં.(૯) ગુજરાત સરકારના નિયમ મુજબ શાળાની આજુબાજુ ૧૦૦ મી. ના વિસ્તારમાં ગુટકા તેમજ તમાકુની વસ્તુ પર પ્રતિબંધ છે પરંતુ ઘણા વિસ્તારમાં શાળાની નીચે જ ગુટકા તેમજ તમાકુની વસ્તુનું વેચાણ થાય છે. સુરત મહાનગપાલિકા આ નિયમનું પાલન કરવામા માંગે છે કે નહીં જો હા હોય તો કેટલા સમયમાં આ કડક કાર્યવાહી કાયમ માટે કરવા માંગે છે અને ના હોય તો કેમ નહીં તે જાણવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી સુરત મહાનગપાલિકા ધ્વારા "તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩" અન્વયે શૈક્ષણિક સંસ્થાના ફરતે ૧૦૦ વારના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસનું વેચાણ કરનાર વ્યકિતઓ સામે કાયદેસરની કાર્યવાહી/દંડ વસુલાતની કાર્યવાહી અવાર નવાર નિયમીત રીતે કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તેમની તા.૧૩–૫–૧૧ ના પત્રમાં ૧ થી ૪ પૂરક પ્રશ્નો મુળ અરજીથી અલાયદા ઉત્પન કરેલ છે. જેમાં (૧) પૂરક પ્રશ્નમાં કાયદેસરની કાર્યવાહી /દંડ વસુલાત કાર્યવાહી અવાર નવાર નિયમિત રીતે કરવામાં આવે છે તેવા જવાબનું વિધાન વાકય કરેલ છે. જયારે મુદ્દા નં.ર થી ૪ નિયમિત કાર્યવાહી, કડક કાર્યવાહી અને કાયમી ઉકેલ કરવા માંગો છો તેવા પૂરક પ્રશ્ન પુછેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ જવાબમાં નિયમિત કાર્યવાહી કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર મુળ અરજીથી પૂરક પ્રશ્નો હોય તો અલાયદી અરજી કરી માહિતી મેળવી શકે છે તેવું જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતમાં જણાવેલ છે. વધુમાં અરજદારે તેની તા.૧–૬–૧૧ ની અપીલ અરજીમાં મુદ્દા નં.૯ બાબતે જવાબ મળેલ છે તેથી તે બાબતે કોઈ તકરારને સ્થાન નથી. આમ અરજદારના મુદ્દા નં.૮ અને ૯ બાબતે માહિતી મળેલ છે તેવું જણાવેલ છે પરંતુ મુદ્દા નં.૧ થી ૭ પાણીના મીટરને લગતી વિગતો બાબતે માહિતી નહીં મળ્યાનું અપીલમાં જણાવેલ છે જે બાબતે જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક વિભાગ તરફથી મળેલ પૂરક વિગતો મુજબ તેમના પત્ર નં.એચઈડી/૧૪૦ તા.૧–૬–૧૧ થી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી દિન–૧૫ ના વિલંબથી અરજદારને પૂરી પડાયેલ છે. જે મુજબ (૧) સુરત મહાનગપાલિકા ધ્વારા સા.સ.ઠ નં.૧૮૧/૨૦૦૮ તા.૧૦–૨–૦૮ થી શહેરની અંદરના વિસ્તાર માટે બિન –રહેણાંક , વ્યવસાયિક તથા ઔધોગિક હેતુ ઉપરાંત રહેણાંક અને ધાર્મિક હેતુ માટે અડધા (૧/૨) અડધો ઈંચ ડાયામીટરથી ઉપરની સાઈઝના તમામ નળ જોડાણો ફરજીયાત વોટર મીટરથી આપવાની નિતી અખત્યાર કરવામાં આવેલ છે. (૨) ઉકત નિતી અન્વયે સ્થા.સ.ઠ નં.૩૬૮/૦૯, તા.૨૭–૨–૦૯ તથા ૧૭૩૫/૨૦૧૦ તા.૮–૯–૧૦ થી મે. શ્રી રંગ સેલ્સ કોર્પોરેશન , સુરતના પાસેથી વોટર મીટર ખરીદી બેસાડી છ વર્ષ માટે તેના મરામત અને નિભાવ તથા રીડીંગ/ બિલીંગ કરવાનું ઠરાવવામાં આવેલ છે. (૩) ઉકત નિતી અન્વયે સુરત મહાનગપાલિકા ધ્વારા બેસાડવામાં આવનાર વોટર મીટરનો ખરીદ કિંમત તથા આ વોટર મીટરો લગાડવા માટે રહેણાંક/ધાર્મિક સહિતના તમામ ઉપભોકતાઓ પાસેથી ૭૨ માસિક હપ્તામાં વસુલવા જોગ વોટર મીટરોના ભાડા તથા નિભાવ ખર્ચની રકમ નીચે કોષ્ટકમાં જણાવ્યાનુસાર સાઈઝ મુજબ દર્શાવવામાં આવેલ છે.

| અ.ન. | મીટરોની સાઈઝ (મી.મી.) | વોટર મીટરની ખરીદ કિંમત (રૂા. પૈ.) | વસુલવા જોગ મીટર ભાડુ તથા નિભાવ ખર્ચ (રૂા. પૈ.) |
|---|---|---|---|
| ૧ | ૨૦ | ૩,૭૮૦.૦૦ | ૧૨૫.૦૦ |
| ૨ | ૨૫ | ૮,૦૯૮.૦૦ | ૧૫૦.૦૦ |
| ૩ | ૪૦ | ૧૩,૭૮૨,૦૦ | ૨૪૫.૦૦ |
| ૪ | ૫૦ | ૧૯,૩૮૯,૦૦ | ૩૨૦.૦૦ |
| ૫ | ૮૦ | ૨૯,૬૮૦ | ૫૨૫.૦૦ |
| ૬ | ૧૦૦ | ૪૨,૫૬૦.૦૦ | ૭૦૦.૦૦ |
| ૭ | ૧૫૦ | ૬૯,૫૮૦.૦૦ | ૧૫૦૦.૦૦ |
| ૮ | ૨૦૦ | ૧,૧૭,૪૬૦,૦૦ | ૨૦૦૦.૦૦ |
| ૯ | ૨૫૦ | ૧,૮૨,૦૦૦.૦૦ | ૨૯૦૦.૦૦ |

(૪) સુરત મહાનગપાલિકા ધ્વારા નકકી કરેલ ઉકત નિતી મુજબ સમગ્ર શહેરમાં વોટર મીટરની મેઈક, તેનું મરામત અને નિભાવ, રીડીંગ તથા બીલીંગ વિગેરેમાં એકરાગીતા જળવાઈ રહે તે હેતુથી મહાનગપાલિકા ધ્વારા નકકી કરવામાં આવેલ ઈજારદાર પાસેથી જે તે મિલ્કતદારો (એપાર્ટમેન્ટ) ધ્વારા વોટર મોટર બેસાડવાનું તથા વોટર મીટરના બીલમાં વોટર ચાર્જ ભરવાનો રહેશે. (૫)સુરત મહાનગરપાલિકા ધ્વારા નકકી કરેલ ઉકત નીતિ મુજબ બેસાડવામાં આવનાર વોટર મીટરો કાયમી હેતુના છે તથા નકકી કરવામાં આવેલ કટ–ઓફ તારીખથી ઈસ્યુ કરવામાં આવેલ બીલની તારીખ સુધી જે તે મિલ્કતદારોને વોટર ચાર્જના બીલો ઈસ્યુ કરવામાં આવેલ છે. ઉકત વ્યવસ્થા સમગ્ર શહેરમાં માટે નવી હોય હાલમાં આ મુજબ બીલો ઈસ્યુ કરવામાં આવેલ છે. સમગ્ર સીસ્ટમમાં એકરાગીતા થયેથી તમામ મિલ્કતદારોને માસિક વોટર ચાર્જના બીલો ઈસ્યુ કરવામાં આવશે. (૬) સુરત મહાનગપાલિકા ધ્વારા તા.૩૧–૩–૧૧ સુધીમાં જે તે ઝોન વિસ્તાર પ્રમાણે મુકવામાં આવેલ વોટર મીટરની સ્થિતિ નીચે મુજબ છે.

| ઝોનનું નામ | સેન્ટ્રલ | રાંદેર | વરાછા | અઠવા | લીંબાયત | ઉધના | કતારગામ |
|---|---|---|---|---|---|---|---|
| બેસાડવામાં આવેલ વોટર મીટરની સંખ્યા (નંગ) | ૩૪૧ | ૧૨૯૭ | ૧૫૫ | ૧૪૦૯ | ૩૭ | ૩૬૦ | ૧૦૧ |

વધુમાં જેમ જેમ જે તે ઝોન મારફત નવા કનેકશનો મંજુર કરવામાં આવે છે તે મુજબ ઉકત ઈજારદાર ધ્વારા વોટર મીટર બેસાડવાની કાર્યવાહી કરવામાં આવે છે. (૭) સુરત મહાનગપાલિકા ધ્વારા નકકી કરેલ ઉકત નીતિ મુજબ વોટર એપાર્ટમેન્ટોને નળ કનેકશન આપી શકાય નહીં. મુદ્દા નં.૮ અને ૯ અન્વયે માંગવામાં આવેલ માહિતી આ સક્ષમ સત્તા મંડળના અધિકારક્ષેત્રમાં આવતી નથી જે જાણશો. તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી ત્રણેય જાહેર માહિતી અધિકારી ધ્વારા માંગેલ વિગતો પૂરી પડાયેલ હોઈ અપીલમાં તકરારને સ્થાન રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) , કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બ્રીજ સેલ), ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી જીયાણી પિયુષકુમાર ભનુભાઈ